## ગ્રાહકફરિયાદનિવારણફોરમ, જુનાગઢ

પશ્ચિમગુજરાતવીજકંપનીલીમીટેડ
સર્કલ ઓફીસ, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, આઝાદ ચોક, એમ.જી.રોડ, જુનાગઢ – ૩૬૨૦૦૧
website : www.pgvcl.com
CIN:U40102GJ2003SGC042908

પીજીવીસીએલ/સીજીઆરએફ/૦૭/ક્વા-૦૧/૨૦૨૪-૨૫ / No 1 2 3 તા. 18 JUN 2024

રજી.એડી./સ્પીડ પોસ્ટ/કુરિયર મારફત

પ્રતિ,
જુઠાભાઈ નારણભાઈ કરંગીયા
યોગેશ્વર નગર-૨,બંસીધર સ્કુલ સામે,
મુ. ધરમપુર,તા. ખંભાળિયા
જી. :દેવભુમી દ્વારકા, પીનકોડ : ૩૬૧૩૦૫ મોબાઈલ : ૭૫૭૫૦૪૮૩૦૦

**વિષય :** અમારા નવા ખેતી વિષયક વિજ જોડાણ અંગે.

**સંદર્ભ :** જુઠાભાઈ નારણભાઈ કરંગીયા ની રજુઆત મળ્યા તારીખ: ૨૪.૦૪.૨૦૨૪

(અત્રેનાફોરમનીનોંધણીનંબર : ૦૭/ક્વા-૦૧/૨૦૨૪-૨૫)

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

(ડી.એસ.રાજપાલ)
કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લી., જુનાગઢ

બિડાણ : ઉપર મુજબ.
નકલ સાદર રવાના :

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, જામનગર

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વિભાગીય કચેરી, ખંભાળિયા

સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો-૨૦૧૧, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૯ ની વિનિયમ નં.- ૨.૫૪ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

(૩) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, ખંભાળિયા ગ્રામ્ય

# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, જુનાગઢ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ

સર્કલ ઓફીસ, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, આઝાદ ચોક, એમ.જી.રોડ, જુનાગઢ – ૩૬૨૦૦૧

website : forumjunagadh.pgvcl@gebmail.com

CIN:U40102GJ2003SGC042908

પીજીવીસીએલ/સીજીઆરએફ/૦૭/ક્વા-૦૧/૨૦૨૪-૨૫/ No 123 તા. 18 JUN 2024

૨૦૦૩ના ભારતીય વીજળી અધિનિયમની કલમ નં. ૪૨(૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ જુનાગઢના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**No. PG – ૦૭/ક્વા-૦૧/૨૦૨૪-૨૫**

અરજદાર: શ્રી જુઠાભાઈ નારણભાઈ કરંગીયા, ગામ – ધરમપુર

સબડીવીઝન: ખંભાળિયા ગ્રામ્ય, ખંભાળિયા

**:: વિરુધ્ધ ::**

સામાવાળા: કાર્યક્ષેત્ર: કાર્યપાલક ઈજનેર પીજીવીસીએલ વિભાગીય કચેરી, ખંભાળિયા,

**:: ફોરમ ::**

| | | |
|---|---|---|
| ૧) ચેરપર્સન | : | શ્રી એન.સી.મકવાણા |
| ૨) મેમ્બર સ્વતંત્ર | : | શ્રી એન.એસ.પંડયા |
| ૩) મેમ્બર ટેકનીકલ | : | શ્રી વી.જી.મારકણા |

સુનાવણી સ્થળ- પીજીવીસીએલ, વિભાગીય કચેરી, દ્વારકા

તારીખ: ૨૧-૦૫-૨૦૨૪ (મંગળવાર)

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૨૧-૦૫-૨૦૨૪ (મંગળવાર) નાં રોજ રાખવામાં આવેલ હતી.જેમાં ઉપર મુજબ બને પક્ષકારો હાજર રહેલ હતા.

**:: અરજદારની રજૂઆત ::**

૨.૦ અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે, અમારી અરજી તા.૩૦.૧૨.૨૩ એસ.આર.નં. ૧૬૯૭૩૭૧૭ થી કાકાભાઈ સિંહણ ગ્રામ પંચાયતની હદમાં તા. ૩૦-૧૨-૨૦૨૩ના રોજ રસીદ નં. ૨૫૨૫૨૪ થી રૂ. ૨૩૬/- ભરી અમોને તાલુકા પંચાયત કચેરી, ખંભાળિયા દ્વારા ફાળવવામાં આવેલ કાકાભાઈ સિંહણ ગ્રામ પંચાયતની હદમાં રેવન્યુ સર્વે નંબર બીન નંબરી નદી નાળા વાળી એકર ૦.૦૧ ગુઠા વાળી જગ્યામાં નવું ખેતીવાડી વિજ જોડાણ મેળવવા માટે તાલુકા વિકાસ અધિકારીશ્રી, ખંભાળિયાના નાવાંધા પ્રમાણપત્ર તેમજ પાઈપ લાઈન માટેની મંજુરી સહીતના જરૂરી કાગળો સાથે અરજી કરેલ છે અમારા સર્વે નંબર ૪૫૦ માં ગ્રાહક નંબર : ૩૩૦૮૩/૦૦૭૮૬/૮ વાળુ ખેતી વિષયક વિજ જોડાણ હયાત હોવાથી આપને બીજુ વિજ જોડાણ આપી શકાય નહિં તેવો મૌખીક જવાબ નાયબ ઈજનેર શ્રી, ગ્રામ્ય પેટા વિભાગ, પીજીવીસીએલ, ખંભાળિયા દ્વારા મળેલ. અમોએ સર્વે નંબર ૪૫૦- કાકાભાઈ

સિંહણ સિવાયથી અલગ જગ્યાએ વિજ જોડાણ માંગેલ છે. જે અમારા હયાત સર્વે નંબર ૪૫૦- કાકાભાઈ સિંહણ થી ૧૦૦૦ ફુટ ની દુરી પર આવેલ છે. ત્યાંથી પાઈપ લાઈન દ્વારા અમારા સર્વે નંબર ૪૫૦- કાકાભાઈ સિંહણ માં પાણી લઈ જવાની મંજુરી તાલુકા પંચાયત કચેરી ખંભાળિયા દ્વારા આપવામાં આવેલ છે જે અમોએ સર્વે નંબર બદલીની અરજી કરવામાં આવેલ છે. જી.ઈ.આર.સી. સપ્લાય કોડ ૨૦૧૫ કલોઝ નંબર ૪.૨૮ મુજબ અમારી 'Legal Entity' અલગ છે. બે અલગ જગ્યાએથી એક સર્વે નંબરમાં પાણી ભેગુ કરીને વાપરી ન શકાય એવો કોઈ પરીપત્ર છે નહીં. તદ્દપરાંત ઉર્જા અને પેટ્રોકેમીકલ વિભાગ, ગાંધીનગર ના તા. ૬-૪-૨૦૧૬ ના પરીપત્રમાં પણ સુધારો કરી નવો પરીપત્ર ક્રમાંક જીયુવી/૨૦૧૫/૪૫૦૨/ક ૧ માં જે સર્વે નંબરમાં હયાત કૃષી વિષયક વિજ જોડાણ હોય તો પણ સરફેસ વોટરમાંથી પાણીનું ઉદ્વવન કરવા માટે પણ બીજુ વિજ જોડાણ આપવુ એવું ઠરાવવામાં આવેલ છે. અમારી અરજી અલગ સર્વે નંબર ની જ હોય અમોને અમારી માંગણી મુજબનું નવુ ખેતી વિષયક વિજ જોડાણ અંગે નાયબ ઈજનેર શ્રી, ગ્રામ્ય પેટા વિભાગ, પીજીવીસીએલ, ખંભાળિયા ને જરૂરી હુકમ કરવા આપ સાહેબને નમ્ર વિનંતી. આમ અરજદારશ્રીએ અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 અરજદાર શ્રી જુઠાભાઈ નારણભાઈ કરંગીયા રે. ધરમપુર. ખંભાળિયા ગ્રામ્ય સબ ડિવિજન ખંભાળિયા હેઠળ ના કાકાભાઈ સિંહણ મુકામે બિન નંબરી સર્વે નંબર માથી માલિકી ના સર્વે નંબર ૪૫૦ માં પિયત કરવા માટે ખેતીવિષયક વીજજોડાણ મેળવવા માટે રૂ. 200/-રસીદનંબર ૨૫૨૫૨૪ તા. ૩૦.૧૨.૨૦૨૩ થી ભરપાઈ કરી અરજી કરેલ છે. સદર કેસ ફાઇલ નાયબ ઇજનેર ગ્રામ્ય સબ ડિવિજન ખંભાળિયા દ્વારા પત્ર નંબર કેઆરએસડી/ટેક/૨૦૨૪/૨૮ તારીખ ૦૧.૦૧.૨૦૨૪ થી પ્રિ ઓડિટ માટે વિભાગીય કચેરી ને રજૂ કરતાં વિભાગીય કચેરી દ્વારા પત્ર નંબર જેકેડી/રેવ/૯૫૬ તારીખ ૧૯.૦૩.૨૦૨૪ થી સદર જોડાણ નંબર guvnl/t-3/ag/1021 dt. 18.08.2017 તેમજ પરિપત્ર નંબર PGVCL/PROJECT/SCHEM/1998 DT. 17.11.2023 મુજબ બીજું જોડાણ મળવા પાત્ર નથી.

3.૧ "સપ્લાય કોડ ૨૦૧૫ ક્લોઝ નંબર ૪.૨૮ મુજબ અરજદાર શ્રીની Legal Entity અલગ છે. બે અલગ જગ્યા એ થી એક સર્વે નંબર માં પાણી ભેગું કરીને વાપરી ના શકાય એવો કોઈ પરિપત્ર છે નહીં. " તદ્દુપરાંત ઉર્જા અને પેટ્રોકેમિકલ વિભાગ, ગાંધીનગર ના તારીખ 06.04.2016 ના પરિપત્ર માં પણ સુધારો કરી નવો પરિપત્ર ક્રમાંક જીયુવી/2015/4502/ક 1 માં જે સર્વે નંબર માં હયાત કૃષિ વિષયક જોડાણ હોય તો પણ સરફેસ વોટરમાથી પાણી નું ઉદ્વવન કરવા માટે પણ બીજું જોડાણ આપવું જોઈએ એવું ઠરાવવા માં આવેલ છે."

3.૨ અરજદારશ્રી ની અરજી અલગ સર્વે નંબર ની હોય તેઓની માંગણી મુજબ નું નવું ખેતી વિષયક આપવું જોઈએ તેવી રજૂઆત કરેલ છે. સદર બાબતે નાયબ ઇજનેર ગ્રામ્ય સબ ડિવિજન ખંભાળિયા દ્વારા પત્ર નંબર કેઆરએસડી/12166 તારીખ 20.05.2024/ મુજબ હાલ ના નવા પરિપત્ર નંબર PGVCL/PROJECT/SCHEM/1998 DT. 17.11.2023 મુજબ નદી /ખાડી ના દરિયામાં વહી જઈ ને વેડફાતા પાણી નો સિંચાઇ હેતુ ઉદ્વવન કરવા કૃષિ વિષયક જોડાણ આપવા ધારા ધોરણ માં સુધારો કરેલ છે જ્યારે અરજદારે વીજ જોડાણ જે જગ્યા એ માંગેલ છે (કાકાભાઈ સિંહણ મુકામે બિન નંબરી

સર્વે નંબર માથી માલિકી ના સર્વે નંબર ૪૫૦ માં પિયત કરવા માટે) તે જગ્યા એ થી કોઈ જ પાણી નદી /ખાડી ના દરિયામાં વહી જઈ ને વેડફાતા ન હોય વીજ જોડાણ મળવા પાત્ર નથી તેવું જણાવેલ છે જે ખરેખરે યોગ્ય હોય સદર વીજ જોડાણ મળવા પાત્ર નથી. તેમજ અરજદાર શ્રી દ્વારા રજૂ કરેલ ઓરિયા (કૂવા) પાઇપ –લાઇન ની મંજૂરી હુકમ નંબર રેવ-વર્ક-૧૧૬/૨૦૨૩ તારીખ ૨૭.૦૩.૨૦૨૩ માં પણ શરતો : અ (૧) મુજબ આ જમીન નો ઉપયોગ ફક્ત ઓરિયા (કૂવા) માટે જ કરવાનો છે જે વચાંણે લેતા સદર જોડાણ ઓરિયા ધોરિયા ના ધારા ધોરણ મુજબ માંગેલ હોય તેવું જણાય છે.

3.3 વધુમાં અરજદાર ની અરજી માં જણાવ્યા મુજબ હાલ તેમના સરવે નંબર 450 માં એક ખેતીવિષયક જોડાણ નંબર 33083007868 હૈયાત હોય અને સદર જગ્યા ૮ એકર થી ઓછી હોય પરિપત્ર નંબર guvnl/t-3/ag/1021 dt. 18.08.2017 મુજબ પણ બીજું જોડાણ મળવા પાત્ર નથી.

## :: હુકમ ::

૪.૦ અરજદારશ્રી દ્વારા કરેલ મૌખીક તેમજ લેખીત રજૂઆત તથા સામાંવાળાની મૌખીક રજૂઆત અને રજુ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ નીચે મુજબ નાં નિર્ણય ઉપર આવેલ છે.

૪.૧ સદર બાબતે પીજીવીસીએલ ની રજુઆત મુજબ સદર બાબતે નાયબ ઇજનેર ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી ખંભાળિયા દ્વારા પત્ર નંબર કેઆરએસડી/12166 તારીખ 20.05.2024/ મુજબ હાલ ના નવા પરિપત્ર નંબર PGVCL/PROJECT/SCHEM/1998 DT. 17.11.2023 મુજબ નદી/ખાડી ના દરિયામાં વહી જઈ ને વેડફાતા પાણી નો સિંચાઇ હેતુ ઉદ્ધવન કરવા કૃષિ વિષયક જોડાણ આપવા ધારા ધોરણ માં સુધારો કરેલ છે જ્યારે અરજદારે વીજ જોડાણ જે જગ્યા એ માંગેલ છે (કાકાભાઈ સિંહણ મુકામે બિન નંબરી સર્વે નંબર માથી માલિકી ના સર્વે નંબર ૪૫૦ માં પિયત કરવા માટે) તે જગ્યા એ થી કોઈ જ પાણી નદી /ખાડી ના દરિયામાં વહી જઈ ને વેડફાતા ન હોય વીજ જોડાણ મળવા પાત્ર નથી તેવું જણાવેલ છે જે ખરેખરે યોગ્ય હોય સદર વીજ જોડાણ મળવા પાત્ર નથી. તેમજ અરજદાર શ્રી દ્વારા રજૂ કરેલ ઓરિયા (કૂવા) પાઇપ –લાઇન ની મંજૂરી હુકમ નંબર રેવ-વર્ક-૧૧૬/૨૦૨૩ તારીખ ૨૭.૦૩.૨૦૨૩ માં પણ શરતો : અ (૧) મુજબ આ જમીન નો ઉપયોગ ફક્ત ઓરિયા (કૂવા) માટે જ કરવાનો છે જે વચાંણે લેતા સદર જોડાણ ઓરિયા ધોરિયા ના ધારા ધોરણ મુજબ માંગેલ હોય તેવું જણાય છે.

૪.૨ અરજદારશ્રી ની રજુઆત મુજબ હાલ તેમના સરવે નંબર 450 માં એક ખેતીવિષયક જોડાણ નંબર 33083007868 હૈયાત હોય અને સદર જગ્યા ૮ એકર થી ઓછી હોય પરિપત્ર નંબર GUVNL/TECH-3/AG/1021 DT. 18.08.2017 મુજબ પણ બીજું જોડાણ મળવા પાત્ર નથી.

૪.3 પીજીવીસીએલ ના પરિપત્ર નંબર GUVNL/TECH-3/AG/1021 DT. 18.08.2017 ના પોઈન્ટ નં. ૧૨ " ખેડૂતની માલીકીની જમીન કે જ્યાં પિયત/સિચાઈ કરવાની છે તે સર્વે નંબર ની જમીન આઠ (૮) એકર કરતાં ઓછી હશે અને એક વીજ જોડાણ ધર્વતો હશે તો તેમને સરકારશ્રી દ્વારા ફાળવેલ બે (૨) ગુંઠા જમીનમાં બનાવેલ બોર/કૂવા પર બીજું ખેતીવાડી વીજ જોડાણ આપી શકાશે નહીં." જેના પર થી સ્પષ્ટ થાય છેકે બીજું કનેક્શન ન આપી શકાય.પીજીવીસીએલ ના પરિપત્ર નંબર PGVCL/PROJECT/SCHEM/1998 DT. 17.11.2023 મુજબ " ઉર્જા અને પેટ્રોકેમિકલ વિભાગ રાજય

સરકાર દ્વારા પત્ર નં. જીયુવી/૨૦૧૫/૨૦૧૫/૪૫૦૨/કા તા. ૧૬.૧૧૨૦૨૩ ના પત્ર થી તેઓના તા. ૦૬.૦૪.૨૦૧૬ ના પત્ર ની શરત નં. ૮ અને તા. ૦૭.૦૭.૨૦૨૧૭ પત્ર ની શરત નં. ૧ અને ૩ માં સુધારા માટેની દરખાસ્ત મંજૂર કરેલી છે.''

૪.૪ તે મુજબ ઉપરોક્ત પારા નં. ૪.૩ મુજબ અત્રે ના ફોરમ દ્વારા હુકમ કરવામાં આવે છે.

૪.૫ આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

| શ્રી એન.એસ.પંડયા | શ્રી વી.જી.મારકણા | શ્રી એન.સી.મકવાણા |
|---|---|---|
| સ્વતંત્ર સભ્ય | મેમ્બર (ટેકનીકલ) | ચેરપર્સન |

**નોંધઃ-**

(૧) અરજદાર સદર હુકમ થી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખ થી દિન-૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે.આ સાથે વિધુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિધુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો'૨૦૧૯ જાહેરનામા નં.૨/૨૦૧૯ ની કલમ ૩.૧૯ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે અને કલમ ૩.૧૯ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમ ના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચુકવણીની સાબિતી રજૂ કરી હોય,તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(૩) લોકપાલશ્રી નું સરનામું : વિદ્યુત લોકપાલની કચેરી, જીલ્લા સેવા સદન-૩, ત્રીજો માળ,બ્લોક નં. ૧, સરકારી પ્રેસ રોડ, ફોન નં.-૦૨૮૧-૨૯૯૪૧૨૫, રાજકોટ-૩૬૦૦૦૧